




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૦ * * * સંવત ૨૦૭૯ ફાગણ વદ બારસ, રવિવાર ૧૯ માર્ચ, ૨૦૨૩ * * * દૈનિક : ૮૭ - અંક : ૧૧૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૬.૦૦


# પંજાબમાં ખાલિસ્તાનવાદી અમૃતપાલ સિંહના સંગઠન પર પોલીસ તૂટી પડી

**અમૃતપાલના** ‘વારીસ પંજાબ દે’ સંગઠન સામે કાર્યવાહી હાથ ધરાઇ, પંજાબમાં સખત સુરક્ષા વ્યવસ્થા, ઇન્ટરનેટ સેવા બંધ

**શનિવાર** રાત સુધીમાં ૭૮ની ધરપકડ, સંખ્યાબંધ લોકોની અટકાયત, જો કે અમૃતપાલ છટકી ગયો

**ચંદીગઢ, તા. 18 :** પંજાબમાં ખાલિસ્તાન તરફી કટ્ટરવાદી ધર્મોપદેશક અમૃતપાલ સિંહ તથા તેના ટેકદારો પર આજે મોટા પાયે પોલીસ ત્રાટકી હતી અને ડઝનબંધ લોકોની ધરપકડ કરી હતી તથા અન્ય સંખ્યાબંધ લોકોને પૂછપરછ માટે અટકાયતમાં લીધા હતા, જો કે અમૃતપાલ સિંહ પોતે ફરાર થઇ ગયો હતો.

આજે સમગ્ર પંજાબ રાજ્યમાં અમૃત પાલ સિંહના સંગઠન ‘વારિસ પંજાબ દે’ સાથે સંકળાયેલા લોકો સામે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને રાત સુધીમાં ૭૮ની ધરપકડ કરવામાં આવી હતી અને અન્ય ઘણા લોકોને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આજે આ ઓપરેશન શરૂ થતા પહેલા સમગ્ર રાજ્યમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી. આજે બપોરે ૧૨ વાગ્યાથી લઈને રવિવારના બપોરના ૧૨ વાગ્યા સુધી ઈન્ટરનેટ બંધ કરી દેવાનો આદેશ ટેલિકોમ ઓપરેટરોને અપાયો હતો. બલ્ક એસએમએસ સેવા પણ બંધ રાખવાનો આદેશ પણ અપાયો હતો. બપોરે મીડિયામાં એવા અહેવાલો વહેતા થયા હતા કે અમૃતપાલ સિંઘની ધરપકડ થઈ છે પરંતુ સાંજે પોલીસે ખુલાસો કર્યો હતો કે અમૃતપાલની ધરપકડ થઈ નથી અને તેની શોધખોળ ચાલુ છે. પોલીસે જણાવ્યું હતું કે અમૃતપાલ લગભગ પકડાઈ જવાની અણી પર જ હતો અને પોલીસને ચકમો આપીને ભાગી છૂટ્યો હતો.

એવા કેટલાક વીડિયો પણ ફરતા થયા હતા જેમાં અમૃતપાલ વાહનમાં બેસેલો દેખાય છે અને તેનો એક ટેકેદાર કહે છે કે પોલીસવાળાઓ ભાઈ સાબ(અમૃતપાલ)ની પાછળ પડી ગયા છે. આજે આ મોટું ઓપરેશન હાથ ધરવા માટે પંજાબમાં મોટી તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આ મહિનાની શરૂઆતમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા હતા અને ત્યારે જ આ ઓપરેશન કરવાનું

...અનુસંધાન પાના 8 પર

## મામૂલી ટ્રક ડ્રાઇવરમાંથી ભિંડરાનવાલે ૨.૦: અમૃતપાલના ઉદય પાછળ ISIનો હાથ



**ચંડીગઢ, તા. 18:** અચાનક ચર્ચામાં આવી ગયેલ અમૃતપાલ સિંહે પંજાબના યુવાનોને પોતાની સાથે જોડવા માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો. તે દારૂ સહિતના નશામાંથી મુક્તિ અપાવવાના નામે યુવાનોને પોતાની સાથે જોડી રહ્યો હતો, પરંતુ સાથેસાથે પંજાબમાં ખાલિસ્તાનની લહેરને પણ હવા આપી રહ્યો હતો. બારમુ ધોરણ પાસ એવો અમૃતપાલ કમાણી માટે દુબઇ ગયો હતો અને ત્યાં ટ્રક ડ્રાઇવરની નોકરી શરૂ કરી હતી. પરંતુ તે વિદેશોમાં વસતા ખાલિસ્તાનવાદી શીખો સાથે સંપર્કમાં આવ્યો અને બાદમાં પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી એજન્સી આઇએસઆઇના સંપર્કમાં આવ્યો, જે આઇએસઆઇએ તેનું બ્રેઇન વોશિંગ કરીને તેને કટ્ટર ખાલિસ્તાનવાદી બનાવી દીધો અને તે દુબઇથી ફરી પંજાબ આવીને ખુલ્લેઆમ અલગ શીખ રાષ્ટ્રની તરફેણ કરવા માંડ્યો અને જોત જોતામાં તો તે બીજો જર્નૈલ સિંઘ ભિંડરાનવાલે બની ગયો. અમૃતપાલ સિંહનો જન્મ 1993માં અમૃતસરના જલ્લુપુર ખેડા ગામમાં થયો હતો. પંજાબી અભિનેતા અને કાર્યકર્તા દીપ સિદ્ધુએ 30 સપ્ટેમ્બર 2021ના રોજ વારિસ પંજાબ દે સંસ્થાની સ્થાપના કરી હતી. દીપ સિદ્ધુએ આ સંગઠનની સ્થાપના પાછળનો હેતુ યુવાનોને સિખ ધર્મના માર્ગ પર લાવવા અને પંજાબને જગાડવાનો જણાવ્યો હતો. ખેડૂત

...અનુસંધાન પાના 8 પર

### અમૃતપાલને પકડવા કેન્દ્ર-રાજ્યએ યોજના બનાવી

**નવી દિલ્હી, તા. 18.** ખાલિસ્તાની ઉપદેશકને પકડવા માટે પોલીસ દ્વારા મોટા પાયે ઓપરેશન શરૂ કરવામાં આવતાં સ્વઘોષિત સિખ ઉપદેશક અમૃતપાલ સિંહ ફરાર છે. પંજાબના સીએમ ભગવંત માન અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ વચ્ચેની બેઠકના અઠવાડિયા પછી આ પગલું લેવામાં આવ્યું છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ, શાહ અને માનએ 2 માર્ચની બેઠકમાં આ મુદ્દા વિશે ચર્ચા કરી હતી. કેન્દ્ર અને રાજ્ય બંનેએ આ મુદ્દે સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો હતો. ગયા મહિને અમૃતપાલ અને તેના સમર્થકો, જેમાંના કેટલાક તલવારો અને બંદૂકો લહેરાવતાં બેરિકેડ્સ તોડીને અમૃતસર શહેરની બહારના અજનાલા પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયા હતા અને અમૃતપાલના એક સહાયકને છોડાવવા માટે પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ ઘટના દરમિયાન સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસની રેન્કના અધિકારી સહિત છ પોલીસકર્મીઓને ઈજા થઈ હતી.

### અમૃતપાલ અને તેનું સંગઠન કટ્ટર ખાલિસ્તાનવાદી છે

**અમૃત** પાલ સિંહ અને તેનું સંગઠન વારીસ પંજાબ દે કટ્ટર ખાલિસ્તાનવાદી મનાય છે જે અલગ શીખ રાષ્ટ્રની માગણી કરે છે. પંજાબ પોલીસે કથિત ધિક્કાર પ્રવચન બદલ અમૃતપાલ સિંહ અને તેના કેટલાક ટેકદારો સામે ગુનો પણ દાખલ કર્યો હતો. અમૃતપાલના ધરપકડ કરાયેલા એક સાથીદાર લવપ્રીત સિંહ તુફાનની ધરપકડ પછી તેને છોડાવવા અજનાલા પોલીસ સ્ટેશન પર હુમલો થયો તેનાથી અમૃતપાલ અને તેનું સંગઠન દેશભરમાં જાણીના બની ગયા હતા.

## ઇમરાન ખાનના લાહોરના મકાનમાં દિવાલો તોડીને પોલીસનો પ્રવેશ, તેહરીકે ઇન્સાફના કાર્યકરોની ધરપકડ



## ઈમરાન કોર્ટમાં જવા નીકળ્યા ને પોલીસ દિવાલ તોડી ઘરમાં ઘૂસી

**ઇમરાન** ખાનની ધરપકડ અટકાવવા દિવસોથી ડેરા નાખીને પડેલા પીટીઆઇના કાર્યકરોને ખદેડ્યા, ડઝનબંધની ધરપકડ કરી

**આ ઓપરેશન** વખતે અથડામણ પણ થઇ, પીટીઆઇના દસ જેટલા કાર્યકરોને ઇજા, પોતાના પર ગોળીઓ છોડાઇ હોવાનો પોલીસનો દાવો

**આ ઓપરેશન** પહેલા જ ઇમરાન ખાન ઇસ્લામાબાદ જવા રવાના થઇ ગયા હતા

**લાહોર, તા. 18 (PTI):** પંજાબ પોલીસના દસ હજાર કરતા વધુ સશસ્ત્ર કર્મચારીઓ આજે ઇમરાન ખાનના મકાન પર ધસી ગયા હતા અને તેમના પક્ષના ડઝનબંધ કાર્યકરોની ધરપકડ કરી હતી. જો કે આના પહેલા પાકિસ્તાનના આ ભૂતપૂર્વ વડાપ્રધાન તેમની સામેના એક ભ્રષ્ટાચારના કેસમાં એક અદાલતી સુનાવણી માટે ઇસ્લામાબાદ જવા રવાના થઇ ગયા હતા.

પોલીસે એક પાવર શોવેલનો ઉપયોગ કરીને ઝમન પાર્ક ખાતે આવેલ ઇમરાન ખાનના નિવાસસ્થાનના પ્રવેશદ્વાર પરના બેરીકેડો અને તંબુઓ દૂર કર્યા હતા જયાં ખાનના તેહરીકે ઇન્સાફ પક્ષના સેંકડો કાર્યકરો ઇમરાન ખાનની ધરપકડ અટકાવવા ડેરા તંબુઓ નાખીને પડ્યા હતા. પોલીસે મુખ્ય દરવાજો અને દિવાલો તોડીને ઘરમાં પ્રવેશ

...અનુસંધાન પાના 8 પર

## તોશખાના કેસમાં ઇમરાન ખાન સામેનું ધરપકડ વોરન્ટ રદ



**ઇસ્લામાબાદ, તા. 18 (PTI):** પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાન સામેનું તોશખાના ભ્રષ્ટાચાર કેસનું ધરપકડ વોરન્ટ આજે એક અદાલતે રદ કર્યું હતું અને તેમની સામે આરોપનામુ મૂક્યા વિના તેમને ઘરે જવાની મંજૂરી આપી હતી. જ્યારે કે લાહોરના તેમના નિવાસ સ્થાને પોલીસ અને તેમના ટેકેદારો વચ્ચે અથડામણ ચાલી રહી હતી.

ખાન આજે ઇસ્લામાબાદમાં એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ ઝફર ઇકબાલની અદાલતમાં હાજર થયા હતા. તેમની સામે ચૂંટણી ઉમેદવારીપત્રકના નિવેદનમાં પોતાની મિલકતોની વિગતો સંતાડવા બદલ ચૂંટણી પંચે કરેલી ફરીયાદના કેસમાં તેઓ સુનાવણી માટે હાજર થયા હતા. જજ ઇકબાલ ઇમરાનનાનના વકીલની એ રજૂઆત માન્ય રાખી હતી કે તેમને હાજરીપત્રક પર માત્ર સહી કરીને જવા દેવાય, કારણ કે આજે સુનાવણી થઇ શકે તેમ ન હતુ. જજે તોશખાના કેસમાં ઇમરાન ખાન સામેનું ધરપકડ વોરન્ટ પણ રદ કર્યુ હતુ અન આ કેસની સુનાવણી ૩૦ માર્ચ સુધી મોકૂફ રાખી હતી. અદાલતની બહાર પોલીસ અને પીટીઆઇ કાર્યકરો વચ્ચે સંઘર્ષને જોતા આ સુનાવણી આજે મોકૂફ રાખવામાં આવી હતી.

## ભારતમાં દૈનિક કોવિડ કેસની સંખ્યા 126 દિવસ પછી 800ને પાર

**નવી દિલ્હી, તા. 18 (PTI).** કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ભારતમાં એક દિવસમાં કોવિડ-19 કેસની સંખ્યા શનિવારે 126 દિવસ પછી 800ને વટાવી ગઈ છે, જ્યારે સક્રિય કેસની સંખ્યા વધીને 5,389 થઈ ગઈ છે. 843 નવા ચેપ સાથે દેશમાં કેસલોડ વધીને 4.46 કરોડ (4,46,94,349) થયો છે. સવારે 8 વાગ્યે અપડેટ કરાયેલ ડેટા જણાવે છે કે, ચાર મૃત્યુ સાથે મૃત્યુઆંક વધીને 5,30,799 થયો છે. જ્યારે ઝારખંડ અને મહારાષ્ટ્રમાં એક-એક મૃત્યુ નોંધાયા હતા, જ્યારે કેરળ દ્વારા બેનું સમાધાન થયું હતું.5,839 પર સક્રિય કેસોમાં હવે કુલ ચેપના 0.01 ટકાનો સમાવેશ થાય છે. આરોગ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર રાષ્ટ્રીય કોવિડ-19 રિકવરી રેટ 98.80 ટકા નોંધાયો હતો. આ રોગમાંથી સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને 4,41,58,161 થઈ ગઈ છે અને કેસમાં મૃત્યુદર 1.19 ટકા છે. મંત્રાલયની વેબસાઈટ અનુસાર, દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ કોવિડ-19 રસીના 220.64 કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

## પૂર્વ લદાખમાં અંકુશ હરોળ પર સ્થિતિ ઘણી જ નાજુક છે: વિદેશ મંત્રી

**કેટલાક** ભાગોમાં બંને દેશોના દળો સામ સામે ખૂબ નજીક ગોઠવાયેલા છે અને આ સ્થિતિ ઘણી ભયંકર છે

**નવી દિલ્હી, તા. 18 (PTI):** પૂર્વ લદાખમાં વાસ્તવિક અંકુશ હરોળ(એલએસી) પર સ્થિતિ ઘણી જ નાજુક રહેવાનું ચાલુ રહ્યું છે અને લશ્કરી મૂલ્યાંકનમાં તે ઘણી જ ભયંકર છે કારણ કે ઘણા વિસ્તારોમાં દળો પાછા ખેંચવાની પ્રક્રિયા અંગે સારી એવી પ્રગતિ થઈ હોવા છતાં કેટલાક ભાગોમાં બંને બાજુએ લશ્કરી દળોની ખૂબ નજીક નજીક તૈનાતી છે એમ વિદેશ મંત્રી એસ. જયશંકરે આજે જણાવ્યું હતું.

વિદેશ મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે તેમણે અને ભૂતપૂર્વ ચીની વિદેશ મંત્રી વાંગ યી સપ્ટેમ્બર ૨૦૨૦માં સૈદ્ધાંતિક રીતે એ કરાર પર પહોંચ્યા હતા કે આ મુદ્દો કઈ રીતે ઉકેલવો અને જેના પર સહમતિ સધાઈ છે તેના પર હવે ચીને કામ કરવાનું છે. ઈન્ડિયા ટુડે કન્ક્લેવમાં એક વાર્તાલાપ સત્રમાં બોલતા જયશંકરે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે બંને દેશો વચ્ચેના સંબંધો ત્યાં સુધી સામાન્ય બની શકે નહીં જ્યાં સુધી આ સમસ્યાઓ ઉકેલી નાખવામાં

...અનુસંધાન પાના 8 પર

## કોલેજિયમ સિસ્ટમ સંપૂર્ણ નથી પરંતુ આ જ શ્રેષ્ઠ ઉપલબ્ધ સિસ્ટમ છે: સીજેઆઇ

**કોલેજિયમ** સિસ્ટમનો હેતુ ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવાનો છે જે સ્વતંત્રતા ઘણી મોંઘેરી બાબત છે

**નવી દિલ્હી, તા. 18 (PTI):** કોઇ પણ સિસ્ટમ પરફેક્ટ નથી પરંતુ ન્યાય તંત્ર દ્વારા વિકસાવવામાં આવેલ આ જ બેસ્ટ સિસ્ટમ છે એમ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી. વાય. ચંદ્રચૂડે આજે જજોની નિમણૂક માટેની કોલેજિયમ સિસ્ટમનો બચાવ કરતા કહ્યું હતું, જે નિમણૂકોની બાબત સરકાર અને ન્યાય પાલિકા વચ્ચે એક મોટો વિવાદનો મુદ્દો બની ગઈ છે.

ઈન્ડિયા ટુડે કન્કલેવ ૨૦૨૩માં બોલતા સીજેઆઈએ જણાવ્યું હતું કે કોલેજિયમ સિસ્ટમનો હેતુ ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવાનો છે અને તે તેને બાહ્ય દબાણોથી મુકત રાખીને થઈ શકે છે. ચીફ જસ્ટિસ તરીકે મારે આ

...અનુસંધાન પાના 8 પર

### હવામાન

તા. ૧૮-૦૩-૨૦૨૩નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૩.૬° સે. | ૨૨.૫° સે. | ૫૨% |

## ચૂંટણી પંચમાં નિમણૂકો: સુપ્રીમના આદેશ સામે કાયદા મંત્રીએ લક્ષ્મણ રેખા ટાંકી

**કિરણ** રિજીજુ કહે છે કે જો જજો વહીવટીકાર્યોમાં પણ સંકળાવા માંડશે તો ન્યાય આપવાનું કાર્ય કોણ કરશે?!

**લોકશાહીની** વિવિધ સંસ્થાઓ માટેની લક્ષ્મણ રેખા બંધારણમાં સ્પષ્ટ દોરેલી હોવાનું કાયદા મંત્રીએ જણાવ્યું

**નવી દિલ્હી, તા. 18 (PTI):** કાયદા મંત્રી કિરણ રિજીજુએ આજે વિવિધ સંસ્થાઓને માર્ગદર્શન આપતી બંધારણીય લક્ષ્મણ રેખાને ટાંકી હતી, જે સંસ્થાઓમાં કારોબારી અને ન્યાય પાલિકાનો પણ સમાવેશ થાય છે અને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે જો જજો વહીવટી નિમણૂકોનો ભાગ બનશે તો અદાલતી કાર્ય કોણ કરશે?

રિજિજુ એ બાબતના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા કે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં સરકારને આદેશ આપ્યો છે કે તે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે જ્યાં સુધી કોઈ કાયદો અમલમાં નહીં આવી જાય ત્યાં સુધીના સમય માટે એક પેનલની રચના કરે જેમાં વડાપ્રધાન, ભારતના વડા ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિપક્ષના નેતાનો સમાવેશ થતો હોય જે પેનલ મુખ્ય ચૂંટણી કમિશનર અને બે ચૂંટણી કમિશનરોની પસંદગી કરે. ચૂંટણી કમિશશનોની નિમણૂકનું વર્ણન બંધારણમાં છે. તે મુજબ નિમણૂક કરવામાં આવે છે. સંસદે કાયદો અમલી બનાવવાનો છે. હું સંમત થાઉં છું કે સંસદમાં આ અંગે હજી કોઈ કાયદો ઘડાયો નથી, શૂન્યાવકાશ છે એમ મંત્રીએ ઈન્ડિયા ટુડે કન્ક્લેવમાં કહ્યું હતું. રિજીજુએ કહ્યું હતું કે સર્વોચ્ચ અદાલતની પોતે કોઈ ટીકા કરી રહ્યા નથી..પણ હું જે કહું છું તે એ છે કે જો સીજેઆઈ અથવા ભારતના જજો દરેક અગત્યની નિમણૂકો પર બેસી જશે તો અદાલતનું કામ કોણો આગળ વધારશે? દેશમાં ઘણુ બધુ વહીવટી કામ છે અને જજોનું પ્રાથમિક કામ અદાલતી કાર્ય છે, અદાલતી આદેશો આપવાનું અને લોકોને ન્યાય આપવાનું છે એમ તેમણે જણાવ્યું હતું. રિજીજુએ એમ પણ કહ્યું હતું કે જો જજો વહીવટી કાર્યોમાં સંડોવાશે તો તેમની ટીકાઓ થશે. તમે જે વહીવટીકાર્યમાં સંકળાયેલા હો તેના

...અનુસંધાન પાના 8 પર


